# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

### પ્રશ્નપત્ર-૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વડતાલ : ૩, ૫, ૧૧ ગઢડા અંત્ય પ્રકરણ : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**(વિભાગ: ૧ 'વચનામૃત' ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણા અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

**૧. મન અને ઈન્દ્રિયો જીતવાનો ઉપાય અં. ૧૧ પ્રમાણે (ગ.અં. ૧૧)**

જ. વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે.

**૨. જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે. (લો. ૬)**

જ. આ સંતમાં એવો કયો એક દોષ છે જે, જેનો ત્યાગ કરે ત્યારે સર્વે દોષમાત્રનો ત્યાગ થઈ જાય ! અને એવો કયો એક ગુણ છે જે, એક આવ્યે સર્વે ગુણ આવે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે. અને 'હું તો દેહથી નોખો જે આત્મા તે છું.' એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણ માત્ર આવે છે.

**૩. ઘોડેસવાર અને પાણિયારીના દૃષ્ટાંતે સિદ્ધાંત (અં. ૯)**

જ. જેમ પાણિયારી હોય તે કૂવા ઉપર જળ સિંચવા જાય છે, ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સૂરત રાખે છે જે 'રખે કૂવામાં પડી જાઉં' અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સિંચે છે, વળી બીજું દૃષ્ટાંત - જેમ કોઈ પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેંગડામાં પગ હોય ત્યાં પણ સૂરત રાખે અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સૂરત રાખે. અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે ત્યાં પણ સૂરત રાખે. એવી રીતે આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી.'

**૪. એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે. (વર. ૧૧)**

જ. (૧) અમારો તો એવો સ્વભાવ છે જે, એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશય બીએ છીએ જે, રખે એમનો દ્રોહ થઈ જાય નહીં ! અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહીં, અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે.
(૨) પર્વતનું કે બીજું એવું જ જે કોઈક જડ દેહ આવે તેમાં કોઈ કાળે જીવનું કલ્યાણ થાય નહીં; એટલે એના જીવનો નાશ થઈ ગયો એમ જાણવું. માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને એ ચારમાંથી કોઈનો દ્રોહ ન કરવો. અને વળી ભગવાન કે ભગવાનના ભક્ત આગળ કોઈ પ્રકારે માન રાખવું નહીં; કેમ જે, માન છે તે તો ક્રોધ,

મત્સર, ઈર્ષ્યા ને દ્રોહ એનો આધાર છે અને માની હોય તેની ભક્તિ પણ આસુરી કહેવાય. અને ભગવાનના ભક્તને જો બિવરાવતો હોય ને પ્રભુનો ભક્ત હોય તો પણ તેને અસુર જાણવો. અને અમારો તો એ સ્વભાવ છે જે, બ્રાહ્મણનો ને ગરીબનો ને ભગવાનના ભક્તનો કોઈક દ્રોહ કરે, તે તો અમને દીઠો જ ગમે નહીં અને આ લોકમાં ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી.

**૫. આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થવાનો ઉપાય. (વર. ૫)**

જ. જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે; અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે; અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા કરે તે તો કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

(૧) જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઇત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી. (લો. ૫) (૨) **(૨)** અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. **(ગ.અં. ૧૬)** (૨૧) **(૩)** જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે. **(ગ.અં. ૨૧)** (૨૩) **(૪)** અને એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયાં હોય ને તે જો ગમે તેવા પંચવિષય સંબંધી સુખમાં કદાચિત બંધાઈ ગયો હોય, તો પણ તેમાં બંધાઈ રહે નહિ તેને તોડીને નીકળે જ રહે છે. **(ગ.અં. ૩૯)** (૩૧) **(૫)** જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ, તો આ સંત સભાના સમ છે. તે સમ શા સારું ખાવા પડે છે જે, સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારું સમ ખાવા પડે છે. **(ગ.અં. ૨)** (૧૧)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. **કલ્યાણ : (૧) (ગ.અં. ૭)** જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખવી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. (૧૪) **(૨) (ગ.અં. ૭)** જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (૧૫) **(૩)**

(ગ.અં. ૧૨) જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ. જે 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું, કે હું ધનાઢ્ય છું, કે હું રૂપવાન છું, કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. (૨૦)

૨. **અભાવ-અવગુણ : (૧) (લો. ૧૭)** તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો **અવગુણ** લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહિ. (૬) **(૨) (ગ.અં. ૨૧)** અને જે વાદવિવાદે કરીને ભગવાનના ભક્તને જીતે છે, તે તો પંચમહાપાપના જે કરનારા તેથી પણ વધુ પાપી છે. અને અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહિ. (૨૨)

**(વિભાગ : ૨ 'સનાતન ધર્મ અભિગમ' ચતુર્થ આવૃતિ, જુલાઈ, ૨૦૦૬ના આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૪) આ નોંધ પ્રશ્ન-૪, પ્રશ્ન-૫ અને પ્રશ્ન-૬ માં સરખી જ લાગુ પડશે.**

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. નિષ્કામી થવાના ઉપાય.**

| | | |
|---|---|---|
| ૧. | પવિત્ર સંકલ્પ તેની પૂર્તિ માટે ગુરુ વચનમાં વિશ્વાસ, ભગવાન અને સંતને પ્રાર્થના. | ૫૨-૫૩ |
| ૨. | પવિત્ર દૃષ્ટિ કેળવો - શેષજીના આંખે પાટા. | ૫૩ |
| ૩. | સાદી રહેણી કરણી. | ૫૪ |
| ૪. | આહાર શુદ્ધિ - આહાર વિવેક :મનુસ્મૃતિ, છાંદોગ્ય, શિક્ષાપત્રી શ્લોક ૧૮૯, ભગવદ્‌ગીતા અધ્યાય-૧૭/૫૧. | ૫૪ થી ૫૬ |
| ૫. | નિર્વ્યસનતા : નીતિસાર, મનુસ્મૃતિ, વિદેશી ડૉક્ટરોનો અભિપ્રાય | ૫૭ |
| ૬. | નિયમિત વ્યાયામ | ૫૮ |
| ૭. | યોગાસનોનો અભ્યાસ - સ્વાધ્યાય - ઈશ્વર પરાયણતા | ૫૯ |
| ૮. | સંત સમાગમ | ૬૦ |
| ૯. | પ્રકીર્ણ - સ્વપ્નદોષ માટે કુદરતી હાજતોનું નિયમિત વિસર્જન, વ્રત-ઉપવાસ | ૬૧ |

**૨. વેદ, ઉપનિષદ્ અને ગીતામાં પુનર્જન્મ.**

**વેદમાં પુનર્જન્મ : (૧૦૭)** पुनर्नः पितरो मनो ददातु दैव्यो जनः। जीवं व्रातं सचेमहि । (હું ફરી ફરી માતાપિતાને પ્રાપ્ત કરું. દિવ્યજન બનીને જીવના વિગ્રહને પ્રાપ્ત કરું.)(ઋ.૧૦/૫૭/૫, યજુર્વેદ ૩. ૫૫)

**ગુણનો પ્રભાવ :** સત્ત્વ, રજ, તમ - આ ત્રણ ગુણોના પ્રભાવથી જીવ ઊંચ-નીચ કર્મોને કરે છે અને એ કર્મ અનુસાર અનેક યોનિઓમાં ફરે છે. તેથી કર્મ એ પુર્નજન્મનું કારણ છે. આથી યમરાજે નચિકેતાને કહ્યું કે - पुनः पुनर्वशमापद्यते मे। (કઠ. ૧/૨/૬) 'વારંવાર રાગદ્વેષાત્મક કર્મફળોમાં આસક્ત રહેવાથી જીવ જન્મ-મરણના ચક્રમાં પડ્યા રહીને મારે વશ રહે છે.' જે લોકો સાત્ત્વિક કર્મ કરે છે એમને ઊર્ધ્વગતિ પ્રાપ્ત થાય છે, રાજસ મધ્યમ ગતિવાળા છે તથા તામસ લોકો નીચ યોનિઓને પામે છે. છાન્દોગ્યોપનિષદમાં પંચાગ્નિ-વિદ્યારૂપી આ વિષય બતાવ્યો છે.

**ઉપનિષદ્‌માં પુનર્જન્મ : (૧૦૩) (૧)** કઠોપનિષદમાં નચિકેતાનું આખ્યાન તો આ સિદ્ધાંતનું જીવતું જાગતું પ્રમાણ છે. નચિકેતા અને યમરાજ વચ્ચેનો જે સંવાદ, તે અતિશય મહત્ત્વપૂર્ણ છે. યમરાજે તેને ત્રણ વર દેવાનું કહ્યું, એમાંથી ત્રીજો વર માગતાં નચિકેતા યમરાજને આ પ્રશ્ન પૂછે છે : 'મૃત્યુ પામેલા મનુષ્યને માટે શંકા રહે છે. કોઈ કહે છે 'મર્યા પછી આત્મા રહે છે' અને કોઈ કહે છે 'નથી રહેતો.' આ સંબંધમાં હું આપનો સદુપદેશ ઇચ્છું છું, જેથી હું આ વિષયનું જ્ઞાન પામી શકું....' (૧-૧-૨૦) **(૨)** યમરાજે તેના અધિકારીપણાની પરીક્ષા કરવા માટે આ વિષયને ટાળવાનો પ્રયત્ન કર્યો અને નચિકેતાને મનુષ્યલોકના અતિ દુર્લભ સુખનાં પ્રલોભન બતાવ્યાં. પરંતુ નચિકેતા પોતાના નિશ્ચયમાંથી ન ડગ્યા. નચિકેતાનો આ આદર્શ, નિષ્કામભાવ અને દૃઢ નિશ્ચય જોઈ યમરાજ બહુ પ્રસન્ન થયા અને તેની પ્રશંસા કરતાં બોલ્યા : 'જે મૂર્ખ ધનના મોહથી આંધળો થઈને પ્રમાદ સેવે છે અને પરલોકનું સાધન નથી સૂઝતું.

આ લોક છે અને પરલોક નથી - એવું માનવાવાળા મનુષ્ય વારંવાર મારી જાળમાં ફસાય છે. (જન્મે છે અને મરે છે.) **(૩)** પછી યમરાજ એને આત્માના સ્વરૂપનો ઉપદેશ દેતાં કહે છે : न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित्। अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥ (કઠોપનિષત્ : ૧-૨-૧૮) આ નિત્ય ચિન્મય આત્મા જન્મતો નથી, મરતો નથી, ન કોઈથી ઉત્પન્ન થયો છે, ન કોઈથી સ્વયં કંઈ બની ગયો છે. આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત, અને પુરાતન છે અને શરીરનો નાશ થવા છતાં પણ આત્મા નાશ નથી પામતો. આ વર્ણનથી આત્મા અજર, અમર, નિત્ય છે એવું પ્રતીત થાય છે. **(૪)** પછી જે, આત્માને જાણ્યા વગર જ મૃત્યુ પામે છે તેવા મનુષ્યોની ગતિ બતાવતાં યમરાજ કહે છે : योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वचाय देहिनः। स्थाणुमन्थेऽनुसंयान्ति यथाकर्म यथाश्रुतम्॥ (કઠોપનિષત્ : ૨-૨-૭) પોતાનાં કર્મ અને જ્ઞાન અનુસાર કેટલાક દેહધારી મૃત્યુ પછી શરીર ધારણ કરવાને માટે કોઈ દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિ યોનિને પામે છે અને કેટલાક સ્થાવર-ભાવ (વૃક્ષાદિ યોનિ) ને પામે છે. **(૫)** અન્ય ઉપનિષદોમાં પણ પુનર્જન્મ બતાવ્યો છે : 'स ईतः प्रयन्नेव (મરીને) पुनर्जायते' (ફરી જન્મ લે છે) ऐतरेय. ૨-૪. 'जन्म जन्म पुनः पुनः' (ગર્ભોપનિષદ્-૪); 'पुनरावृत्तिरहितां मक्तिम्' (મુક્તિકોપનિષદ્, ૧-૨૦); અહીંયા મુક્તિથી અન્યત્ર પુનર્જન્મ મનાયો છે. **(૬)** અહીં પુનર્જન્મનું અન્ય નામ પુનર્ભવ પણ હોઈ શકે છે. જેમ કે શ્રીમદ્‌ભાગવત પુરાણમાં પ્રાર્થના છે : 'क्षणार्धेनापि तुलये न स्वर्गं नापुनर्भवम्' (૪-૨૪-૫૭) અહીં 'અપુનર્ભવ' મુક્તિનું નામ છે.

**ગીતામાં પુનર્જન્મ : (૧૧૦) (૧)** 'जननमिति जन्म' ઉત્પન્ન થવું તેનું નામ જન્મ. પુનઃજન્મ એ જ પુનર્જન્મ. જેને શાસ્ત્રોમાં પુનર્જન્મ, પુનર્ભવ, અપરજન્મ, પ્રેત્યભાવ વગેરે શબ્દોથી કહેવાયો છે. ઉપનિષદોનો સાર ભગવાન શ્રીકૃષ્ણે ગાયેલી ગીતામાં છે. શ્રીકૃષ્ણ કહે છે 'मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते' (ગીતા :૮/૧૬) 'હે કૌન્તેય ! મને પામીને આ જીવને પુનર્જન્મ ટળી જાય છે.' **(૨)** પરંતુ પુનર્જન્મ અને ભગવત્પ્રાપ્તિની વાતમાં મોહ પામતો અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે કે - अपरं भक्तो जन्म परं जन्म विवस्वतः। कथमेतत् विजानीयां त्वमादौ प्रोक्तवानिति॥ (ગીતાઃ૪/૪) હે ભગવન્ ! ગત જન્મમાં આપે આ યોગ વિવસ્વાનને કહ્યો હતો તે હું કેમ જાણું ? ત્યારે પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ તેના સંશયનું નિવારણ કરતાં કહે છે : बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन । હે અર્જુન ! તારા ને મારા ઘણા જન્મો વીતી ચૂક્યા છે, પરંતુ હું જાણું છું અને તું જાણતો નથી. (ગીતાઃ૪/૯) અર્જુનને પુનર્જન્મ વધુ સ્પષ્ટપણે સમજાવતાં શ્રીકૃષ્ણ કહે છે : वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि। तथा शरीराणि विहाय जीर्णा-न्यन्यानि संयाति नवानि देही॥ (૨/૨૨) **(૩)** જેમ મનુષ્ય પોતાનાં ફાટેલાં વસ્ત્રોનો ત્યાગ કરી નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેવી જ રીતે દેહનો સ્વામી જે આત્મા તે પણ જીર્ણ થતાં તેનો ત્યાગ કરી નવા શરીરને ગ્રહણ કરે છે. जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च। (૨/૨૭) - આ પ્રક્રિયા સનાતન કાળથી નિશ્ચિત જ છે કે જન્મ થયા બાદ મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ બાદ પુનર્જન્મ. નિશ્ચિત પ્રક્રિયા. કેવી રીતે ? શરીર એ આત્માને માટે વસ્ત્ર તુલ્ય છે. અને તે દ્વારા શ્રીકૃષ્ણ કહે છે કે જીવન માત્ર એક જ જન્મની મર્યાદામાં બંધાયેલું નથી. જો આ જ જીવન સર્વસ્વ હોત તો મનુષ્ય મનુષ્યમાં પરસ્પર આટલો ભેદ શા માટે ? કોઈ ભલા છે તો કોઈ બુરા, કોઈ ધનિક તો અન્ય નિર્ધન, કોઈ સુરૂપ તો કોઈ કુરૂપ, કોઈ રોગી તો અન્ય નિરોગી. આ વિષમતાનું કારણ ઈષ્ટ અને અનિષ્ટની ફળની પ્રાપ્તિ માટે શ્રીકૃષ્ણ પાંચ કારણો કહેતાં જણાવે છે : 'દેશ, કાળ, કર્તા, જુદાં જુદાં સાધન, જુદી જુદી ક્રિયાઓ અને પાંચમું દૈવ.' (ગીતા :૧૮/૧૪) પરમાત્માને વિષે કોઈ વિષમ દૃષ્ટિનો કે પક્ષપાતનો દોષ આવતો નથી. સર્જનહાર તો અતિશય ન્યાની અને કરુણામય છે, પરંતુ ઉપરોક્ત કારણોમાં પ્રત્યેક જીવાત્માનાં પોતપોતાનાં પૂર્વકર્મનાં ફલાનુસાર જ નવા જન્મમાં સુખ-દુઃખ, સ્મૃતિ-વિસ્મૃતિ પ્રાપ્ત થાય છે. જીવન તો હિન્દુ શાસ્ત્રો અનુસાર અનાદિ અને અનંત છે. જાણે એક વહેતી નદી જેવું છે. એક સ્થાન ઉપર ઊભા રહી કોઈ નદીને જોવાનો પ્રયત્ન કરશે તો બંને બાજુ એકાદ માઈલથી વધુનો ભાગ જણાતો નથી. તેથી નદી તેટલી જ લાંબી છે તેવું માની ન લેવાય. જ્યાંથી નદી દેખાવાની શરૂ થઈ તે પહેલાં પણ એ નદી છે જ (નહિ તો જળનો પ્રવાહ આવે ક્યાંથી ?) પરંતુ દૃષ્ટિશક્તિની સીમાઓને કારણે સ્થૂળ આંખ તેને જોઈ શકતી નથી. તેવી જ રીતે આ જીવન પણ સતત વહેતી સરિતા જેવું છે. જે દિને આપણો જન્મ થયો તેની પહેલાંનો ભાગ દેખાતો નથી અને આપણા મૃત્યુ પછીનો ભાગ પણ દેખાતો નથી. દૃષ્ટિશક્તિની મર્યાદાઓને કારણે અતીત અને આગામી જીવન દેખાતું નથી. 'આત્માનું મૃત્યુ' તો કદાપિ થતું નથી, તેથી તેના સારુ શ્રીકૃષ્ણ નવાં વસ્ત્રને ધારણ કરવાની પ્રક્રિયા સાથે સરખાવે છે. આવી રીતે અનેક જન્મ ધારણ કરીને નિષ્પાપ થઈને આ જીવાત્મા મારી પરાભક્તિને પામે છે. **(૪)** શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ 'अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम्।' (૭/૧૯) તથા 'बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते।' (૭/૧૯) 'અનંત જન્મોને અંતે આ વાસુદેવ જ મારું સર્વસ્વ છે એવા જ્ઞાનવાળો યોગી મને પામે છે.'

### ૩. મૂર્તિપૂજાની જરૂરિયાત.

૧. ભગવાન સદા સાકાર છે દિવ્ય છે માટે તેમની મૂર્તિનું પૂજન જરૂરી - અંતઃકરણમાં ભકિતનો ઉદય ૮૩ થી ૮૯

૨. અર્ચાસ્વરૂપ મૂર્તિરૂપે પરમાત્માનું સુલભપણું - પરમાત્માના સ્વરૂપનું ભિન્ન ભિન્ન રૂપે દર્શનનું શાસ્ત્રોમાં વર્ણન - પરંતુ અર્ચાસ્વરૂપ વિશેષ સુલભ - અર્ચા એટલે પૂજા અને આ અર્ચા માટે થયેલ વિશેષ અવતાર એટલે અર્ચાવતાર - ભગવાનની ઉપાસના માટે ઉપાસકને પ્રથમ અધિકાર મૂર્તિપૂજાનો (અર્ચાવતારની) સેવા પૂજાનો મળે છે. ૮૯ થી ૯૨

૩. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂર્તિપૂજાનું મહત્વ (શ્રી હરિના મતે મૂર્તિપૂજાનું માહાત્મ્ય.) મહારાજના ત્રણ ગૂઢ સંકલ્પોમાંનો એક સંકલ્પ ઉપાસના માટે મંદિરો - ભક્તિના અખંડિત પ્રવાહ માટે ભગવાનની પ્રતિમાનું આલંબન અને આશ્રય જરૂરી - મૂર્તિ દ્વારા મહારાજ પ્રગટ માટે મૂર્તિપૂજા આવશ્યક. ૯૨ થી ૯૬

**(વિભાગઃ ૩ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ પાંચમી આવૃત્તિ એપ્રિલ -૨૦૦૫ના આધારે)**
**(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧,૧૪,૧૭,૧૯,૨૦,૨૫,૨૬,૨૮)**
**(ભાગ-૩ ઉદ્‌ગીથ ૧, ૨, ૪, ૬, ૯, ૮, ૧૦, ૧૪ , ૧૫, ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

### ૧. પ્રેમીજનને વશ પાતળિયો

૧. 'વાસુદેવ નારાયણમાં રહીને હું તમારી સેવા સ્વીકારીશ.' એભલ ખાચર અને પરિવારને મહારાજનું વચન. ૨/૧૯૫

૨. સીંજીવાડામાં બાપુભાઈના ભાવને વશ થઈ તેમની રસોઈ જમવા રોકાઈ ગયા. ૨/૧૯૯

૩. ડભાણના વિષ્ણુદાસના પુત્ર રઘુનાથદાસ અને બહેન અવલબાઈની વિનંતીને વશ મહારાજ ડભાણ પધાર્યા. ૨/૨૦૧

૪. બુર્ધજના હઠીભાઈની વિનંતીથી ગામને પાદરે તળાવ ખોદાવી ક્યારેય પાણી નહિ ખૂટે તેવા આર્શીવાદ આપ્યા.૨/૨૧૨

૫. લાખા ખાચર ભાવથી જ મહારાજે સોનાને વાલની વાળી જેટલું કરી દીધું. ૨/૨૧૫

૬. સોરઠના પ્રેમી હરિભક્તોને વધુ સુખ મળે તે માટે જૂનાગઢ પાસે રસ્તામાં જ ખીચડી જમવા રોકાવાની હા પાડી. ૨/૨૫૫

૭. વિશ્રામ ભગતના મઠની ખીચડી જમ્યા. ૨/૩૧૪

૮. ભૂજમાં અન્નકૂટ ઉત્સવમાં બે સ્વરૂપે દર્શન દીધાં. હરિભક્તોની પ્રાર્થના સ્વીકારી. ભાઈઓ અને બહેનોની સભામાં જમવા બિરાજ્યા. ૨/૩૨૭-૩૨૮

૯. કાલે ઉત્તરાયણ છે તેથી દીકરાને કહેજો કે કાલે તો નહિ જ જવાય. - ગંગામાના સંકલ્પને વશ મહારાજ ૨/૪૧૧

૧૦. જેતલપુરની ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. ૨/૪૨૯

૧૧. જીવણ ભક્તનો થાળ જમે છે. ૨/૪૩૩

૧૨. વહેલાલમાં મહારાજ અઢાર સ્વરૂપ ધારણ કરે છે. ૨/૪૭૭

૧૩. ધોતિયું ધોવા દે તો ભગવાન સાચા. ૩/૧

૧૪. હીરજીભાઈના સંકલ્પે ભૂજમાં કરેલો અન્નકૂટ ઉત્સવ ૩/૨૨

૧૫. હળવદના હરિભક્તોના પ્રેમને વશ એક મણ જેટલી સામગ્રી જમી ગયા. શિવશંકર જાનીનો થાળ જમ્યા. ૩/૩૪

૧૬. 'અમારે પણ આવવાના હેવા પડ્યા છે ! ' મામૈયાના ભાવને વશ થઈ રાત્રે દર્શન દેવા પધાર્યા. ૩/૧૮૮

૧૭. 'તમારી ગાળો અમને મીઠી મધ જેવી લાગી' - મહારાજ વજીબાને. ૩/૨૩૦

૧૮. દાદા ! હું તને મૂકીને ક્યાંય જઈ શકું જ નહિ. તમારો પ્રેમ મને કોઈ ઠેકાણે ટકવા દેતો નથી. ૩/૨૬૪

૧૯. જો અમે આ સ્વામી ભક્તને બધાં વસ્ત્રો તેમના પ્રેમને આધીન થઈને આપી દીધાં - તેથી નવાં વસ્ત્રો મળ્યાં - લગાડી રે પ્રીતિ લાલને ... કીર્તન સમયે બ્રહ્માનંદ સ્વામીને વસ્ત્ર આપતા. ૩/૩૫૯

૨૦. 'પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે.' કુશળકુંવરબાના ભાવને પૂરો કરવા મહારાજે સ્વીકારેલું આમંત્રણ. ૩/૪૦૦

૨૧. સચ્ચિદાનંદ સ્વામીને નિરાવરણ દૃષ્ટિ આપી સુખ આપવાનો નિર્ધાર - ધરમપુરમાં જીવુબાની વાત સાંભળી. ૩/૪૧૪

૨૨. વિરહી દાદાની વાત સાંભળી મહારાજની આંખમાં આંસુ - અમારાથી પણ હવે નહીં રહેવાય. ગઢપુર વહેલા જવું પડશે. - ધરમપુરમાં જીવુબાની વાત સાંભળી મહારાજના ઉદ્દગાર. ૩/૪૧૪
૨૩. વાંસદામાં જમ્યા પછી રાણીના કિંમતી અંબરથી મહારાજે હાથ લૂછી રાણીનો ભાવ પૂરો કર્યો. ૩/૪૨૪
૨૪. વાંસદામાં રાજાના સાફા પર ચાલીસ જોડ ચરણારવિંદ પાડી આપ્યા. ૩/૪૨૫

**૨. શ્રીહરિનાં ચરિત્રો દ્વારા વ્યક્ત થતું સર્વોપરીપણું**

૧. બાપુ એભલ ખાચરના દરબારમાં લાડુદાનજીના સંકલ્પો પૂરા કર્યા. ૨/૧૩૯
૨. આજની ઘડી રે ધન્ય..... ૨/૧૪૦
૩. લાડુદાનજીને સમાધિમાં સર્વોપરિ સ્વરૂપનું દર્શન ૨/૧૪૦
૪. કાનદાસનો સંશય, ‘મહારાજને ભગવાન કેમ કહેવાય ?’ તેનો અનુભવ શ્રીહરિએ કરાવ્યો અને તેમને મહારાજ સર્વ અવતારના અવતારી મનાયા. ૨/૧૯૭
૫. વરતાલ તળાવ પર કાઠીઓને શ્રીહરિના પ્રતાપની અનુભૂતિ ‘મહારાજના સંકલ્પમાં અનંત અવતારો અને તેના પાત્રોને પ્રગટ કરવાની શક્તિ છે.’ વાંદરાએ માળા ફેરવી. ૨/૨૦૭-૨૦૮
૬. ‘અમે મહેતાજીના ગુરુ છીએ.’ નરસિંહ મહેતાના ઓટે બિરાજેલા મહારાજ બાવાને - બાવાને મહારાજના સર્વોપરી સ્વરૂપનાં સમાધિમાં દર્શન. ૨/૨૫૬
૭. બાવા-વૈરાગીઓ તરફથી પડતી મુશ્કેલીઓ નિવારવા માટે મહારાજે કાલવાણીમાં એક સાથે બધા સંતો-પરમહંસોને દીક્ષા આપી. ૨/૨૬૦
૮. મહારાજના એક પત્રથી અઢાર જણાએ ઘર છોડ્યું. પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી અને અર્જુનને જ્ઞાન આપ્યું તો પણ ઘર છોડવું કઠણ પડ્યું.(ત્યાગનું સાચું સ્વરૂપ) ૨/૩૦૫
૯. ‘હી નિંગરો તો નંદજીનો પુત્ર કનૈયો આય અને બ્રહ્મ-પરબ્રહ્મ પણ હી આય. હીંજી ઉપર વડો જ્યો પરબ્રહ્મ નાય !’ ખૈયા ખત્રીની માએ પ્રશ્નોત્તરમાં ઓળખેલા પરબ્રહ્મ. ૨/૩૨૩-૩૨૪
૧૦. ‘આ અમારો ખૈયો મેરુ જેવડો તે ડગ્યો અને તેની હારે આ પથરો પણ ડગ્યો.’ વાંઝા ભગત. ૨/૩૨૪-૩૨૫
૧૧. કચ્છમાં અન્નકૂટોત્સવ વખતે સિંહાસનમાં બિરાજેલ ઠાકોરજીની મૂર્તિ શ્રીહરિના સ્વરૂપમાં લીન થતી સૌએ જોઈ. ૨/૩૨૮
૧૨. પ્રથમ મણથી મંડાણ કર્યું. રાતમાં જ નિર્ણય કરી બીજે દિવસે જેતલપુરમાં મહારાજે શરૂ કરેલી ચોરાસી અને યજ્ઞ. ૨/૪૧૧
૧૩. જેતલપુર મહારુદ્રમાં : નાનાભાઈ ! આજે તો કલ્યાણના વાવટા અમે છૂટા મૂક્યાં છે. પ્રગટનો પ્રતાપ એવો બળવાન છે. ૨/૪૧૩
૧૪. જેતલપુરની વેશ્યાને ઘઉં દળવા આપી પાવન કરે છે. ૨/૪૧૮-૪૧૯
૧૫. મહેમદાવાદમાં નથુ ભટ્ટના ઘરમાં મુક્તાનંદ સ્વામીને ‘કાળે પણ વિષમતાધારી મર્યાદા લોપી છે. તેથી આજે કાળની પણ સાન ઠેકાણે લાવવી છે.’ ૨/૪૬૮
૧૬. સંતોને - ‘મારી મરજી વિરુદ્ધ ચાલે છે તેને હું પ્રતિકુળ બનું છું. કાળને મારે આજે ડામવો છે.’- લોલંગર માટે. ૨/૪૭૦
૧૭. શ્રીનગરના હરિભક્તોએ કરેલી સ્તુતિનો પ્રતિભાવ આપતા મહારાજ, ‘અમારા આવા સામર્થ્યની અમને ખબર ન હતી.’ ૨/૪૭૦-૪૭૧
૧૮. ‘આ મૂર્તિનું ભજન કરીને અનેક મુમુક્ષુઓ અક્ષર મુક્તની પંક્તિમાં ભળી ગયા છે.’ - લોલંગરની ઉપાધિ જોઈ રામદાસ સ્વામીને થતાં સંકલ્પોનો મહારાજે આપેલો જવાબ. ૨/૪૭૨
૧૯. ‘મને તો મારા આત્માનું જ્ઞાન થઈ ગયું અને એ આત્માએ આપનું ભગવાનનું સ્વરૂપ ઓળખાવી દીધું.’ ભાવસાર મુમુક્ષુ. ૩/૨
૨૦. ભીમાસરમાં ગરાસિયાને મહારાજે પોતાના સ્વરૂપમાંથી ચોવીસ અવતારના દર્શન કરાવ્યાં. ૩/૨-૩
૨૧. હમીર સરોવરમાં દિવ્ય દર્શન - ઊંડા જળમાં અદશ્ય થઈ ગયેલા મહારાજ તેજના પ્રવાહમાં અનંત મુક્તોથી વીંટળાયેલા છે તેવા દર્શન થયાં. ૩/૨૧
૨૨. ‘અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ.’ રાઠોડ ધાધલના પ્રાંગણમાં આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને. ૩/૨૨૪
૨૩. કુંડળના રાઈબાઈને ‘અમારા પિંડને અને બ્રહ્માંડને એકતા છે.’ તપસ્વી વેશનો ત્યાગ કરી દુષ્કાળને વિદાય કર્યો. ૩/૨૬૮

**૩. અપમાન અને રાગદ્વેષના પ્રસંગોમાં શ્રીહરિની અધ્યાત્મસ્થિતિ અને ઐશ્વર્ય**

| | | |
|---|---|---|
| ૧. | પાંચસો સંતોને પરમહંસ દીક્ષા. | ૨/૨૬૦ - ૨૬૧ |
| ૨. | તુમ ક્યા જીવનમુક્તા હૈ ? 'તમારાં ભાગ્ય જાગે ત્યારે આ હાથની પ્રસાદી જમવા આવજો.' | ૨/૩૦૭ |
| ૩. | જગજીવન મહેતા | ૨/૩૦૯ |
| ૪. | મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા. | ૨/૩૧૦ થી ૩૧૩ |
| ૫. | પેશ્વાના સૂબાનું કાવત્રું | ૨/૪૪૦ થી ૪૪૩ |
| ૬. | વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે. | ૨/૪૬૧ થી ૪૬૨ |
| ૭. | જગજીવનનો ક્રોધાગ્નિ ભડકે બળે છે. | ૩/૨૩ |
| ૮. | જગજીવન ગંગારામ મલ્લને ત્યાં આરબ મોકલે છે. | ૩/૨૭ |
| ૯. | મહારાજ વીસનગરમાં | ૩/૧૨૨ થી ૧૨૪ |
| ૧૦. | વાસૂરખાચરની ડેલીએ | ૩/૧૩૨ |
| ૧૧. | આણંદમાં વિરોધનો વંટોળ | ૪/૪૮ થી ૫૩ |
| ૧૨. | બાબાજી દીવાન મૃત્યુ પામે છે. | ૪/૫૫ |

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. કુશળકુંવરબાની ભક્તિ**

| | | |
|---|---|---|
| ૧. | પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે. | ૩/૩૯૯ |
| ૨. | ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત. | ૩/૪૦૩ થી ૪૦૫ |
| ૩. | ભક્તો પહેલાં મહારાજ પછી. | ૩/૪૦૫ |
| ૪. | ઉપાસનાની વાતો શીખવાડી શીખાતી નથી. આપ અનંત અવતારોનું મૂળ છો. | ૩/૪૦૫ થી ૪૦૭ |
| ૫. | 'મેં તમારો અપરાધ કર્યો છે.' સંતોની રસોઈ માટે બ્રાહ્મણો રાખ્યા. | ૩/૪૦૮ થી |
| ૬. | સુરતથી આવેલ પોષાક રાજમાતાએ જાતે મહારાજને પહેરાવ્યો. | ૩/૪૧૧ |
| ૭. | 'હું જ મહારાજને જમાડવા આવું છું.' મોડી રાત્રે મહારાજને ભૂખ લાગતા રાજમાતા મહારાજને જમાડવા ગયા. | ૩/૪૧૭-૪૧૮ |
| ૮. | અમારું અંતર્યામીપણું આજે કામમાં ન આવ્યું. | ૩/૪૧૯ |
| ૯. | અનિર્દેશ તે કયો દેશ છે ? | ૩/૪૨૭ |
| ૧૦. | મહારાજ ! આપ આ રાજ્ય ન સ્વીકારો ? | ૩/૪૨૮ |

**૨. શાંતિનો ઉપાય - શ્રીહરિના ચરિત્રો**

| | | |
|---|---|---|
| ૧. | અંતરનું નિરાકરણ કરવા માટે મુક્તાનંદ સ્વામીનો મહારાજને પ્રશ્ન : 'શાંતિ કેમ થાય ?' | ૩/૩૬૩ |
| ૨. | મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન સાંભળી મહારાજને થયેલું આશ્ચર્ય. | ૩/૩૬૩ |
| ૩. | મહારાજે પોતાના જન્મથી લઈને અનેક પ્રકારનાં ચરિત્રોની વાત કરી. | ૩/૩૬૪ |
| ૪. | નિત્યાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન :- 'તમારા દર્શનથી મહારાજને શાંતિ થઈ તો તમને મહારાજના સંબંધથી શાંતિ થતી નથી. | ૩/૩૬૪ |
| ૫. | મુક્તાનંદ સ્વામીનો ફરીથી એ જ પ્રશ્ન મહારાજને. | ૩/૩૬૪ |
| ૬. | મહારાજની ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા. | ૩/૩૬૪ |
| ૭. | નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વચ્ચે ચર્ચા - 'શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે.' મહારાજના ચરિત્રો ગાવા ને સાંભળવા તેમાં જ શાંતિ છે. - મુક્તાનંદ સ્વામી દૂર થયેલી અશાંતિ. | ૩/૩૬૫ |
| ૮. | મહારાજને બંને સદ્‌ગુરુઓ રાત્રે જ ફરીથી મળ્યાં. - મહારાજે આપેલો બોધ. | ૩/૩૬૫ |

**૩. શ્રીજીમહારાજે લોલંગરની ઉપાધિ ટાળી**

| | | |
|---|---|---|
| ૧. | અહીં નરમેધ થશે. મહારાજે કરેલી આગાહી. લોલંગરે છૂટા મૂકેલા તેના બાવાઓ | ૨/૪૬૩ |
| ૨. | લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ | ૨/૪૬૪ |
| ૩. | લાલદાસ ગોરાએ છોડાવેલા ચાર સાધુ | ૨/૪૬૫ |
| ૪. | લોલંગર બાવાનો શિકાર બનતા મુક્તાનંદ સ્વામી | ૨/૪૬૭ |
| ૫. | 'આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહિ.' મુક્તાનંદ સ્વામીને મારેલા મારથી મહારાજે કરેલો સંકલ્પ. | ૨/૪૬૮,૪૬૯ |

૬. સાધુઓને સુરત મોકલ્યા. ૨/૪૬૯-૪૭૧

૭. આજે ખાંડાના ખેલ ખેલવાના છે. ૨/૪૭૧

૮. ચાર પાડ્યા ચોકમાં. ૨/૪૭૨

૯. સાચી અહિંસા ૨/૪૭૩

**૪. શ્રીહરિ ગરીબોના બેલી.**

૧. વિશ્રામ ભગતના મઠની ખીચડી જમ્યા. ૨/૩૧૪

૨. મહારાજ જીવણ ભક્તનો થાળ જમે છે. ૨/૪૩૩

૩. અમારે બ્રાહ્મણોને ચોરાશી થઈ ગઈ - કોળી, ઠાકરડા, ભીલને જમાડ્યા - ચોરી, છીનાળી, દારૂ બંધ કરાવ્યા. ૨/૪૪૭

૪. તારો મોક્ષ કરીશું અને તારા સંકલ્પ પ્રમાણે તારી ત્રીસ વીઘાં જમીન પણ તને મળી જશે - વાડીવાળા છોકરાને પાણીના બદલામાં આપેલા આશીર્વાદ. ૩/૧૬૦

૫. લાખા પટેલ અને દેવા પટેલનાં ઘેર મહારાજ ખભા ઉપર મોભ ઊંચકે છે. ૩/૧૭૮


❑ ❑ ❑